સુરત જિલ્લાના મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોનું સંચાલન અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બેંગ્લોરને સોંપવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૧૭–૫૦૮–આર,
૫, સરદાર ભવન, ૮ મો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬/૧૨/૨૦૧૭

**સંદર્ભ :**

૧. નામ. ગુજરાત હાઈકોર્ટની સ્પે.સી.એ. નં. ૧૯૯૧૨/૨૦૧૫ નો તા.૧–૩–૨૦૧૬ નો ઓરલ ઓર્ડર અને સ્પે. સી.એ. નં. ૭૮૩૪/૨૦૧૬ નો તા.૯–૬–૨૦૧૭ નો ઓરલ ઓર્ડર

૨. વિભાગનો તા.૧–૮–૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૧૫ –સીસી.૧૩–આર

૩. વિભાગનો તા.૧૯–૯–૨૦૧૭ નો પત્ર ક્રમાંક : મભય–૧૦૨૦૧૭ –૩૦૫–આર

૪. વિભાગનો તા.૧૦–૮–૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૧૭– ૨૯૯–આર

૫. કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાના તા.૧૬–૧૧–૨૦૧૭ ના પત્ર ક્રમાંક : મભય/અમલ/૨૦૧૭/૧૪૬૧૨ થી મળેલ દરખાસ્ત

**આમુખ**

નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સી.એ. નં. ૧૯૯૧૨/૨૦૧૫ માં સંદર્ભ (૧) સામેના તા.૧–૩–૨૦૧૬ ના ઓરલ ઓર્ડરમાં મધ્યાહન ભોજન યોજનામાં સમગ્ર રાજયમાં એકસૂત્રતા જળવાઈ રહે તે માટે યોગ્ય એજન્સી નકકી કરવાની કાર્યવાહીમાં તમામ ઈચ્છુક અને પાત્રતા ધરાવતી સંસ્થાઓને પણ તક આપવાના આદેશો કરવામાં આવ્યા હતા. જે અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ કાર્યવાહી કરવા વિભાગનો સંદર્ભ (૨) સામેનો તા.૧–૮–૨૦૧૬ નો ઠરાવ સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ હતો.

આ બાબતે માતોશ્રી સંસ્થા, ભાવનગર ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સી.એ.નં.૭૮૩૪/૨૦૧૬ દાખલ કરવામાં આવેલ હતી. જેના તા.૯–૬–૨૦૧૭ ના ઓરલ ઓર્ડર અન્વયે રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવાની પ્રક્રિયા સ્પે.સી.એ. નં. ૧૯૯૧૨/૨૦૧૫ ના તા.૧–૩–૨૦૧૬ ના ઓરલ ઓર્ડરમાં કરાયેલ અવલોકન મુજબ હાથ ધરવાના આદેશ કરેલ હતા.

નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉકત નિર્દેશો અનુસાર વિભાગના સંદર્ભ (૩) ઉપરના તા.૧૯–૯–૨૦૧૭ ના પત્રથી ટેન્ડરનો આદર્શ નમૂનો તેમજ આદર્શ એમ.ઓ.યુ. સરકારશ્રી ધ્વારા નકકી કરી તેની જાણ કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાને કરવામાં

સુરત જિલ્લાના મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોનું સંચાલન અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બેંગ્લોરને સોંપવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૧૭–૫૦૮–આર,
૫, સરદાર ભવન, ૮ મો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬ | ૧૨ | ૨૦૧૭

**સંદર્ભ :**

૧. નામ. ગુજરાત હાઈકોર્ટની સ્પે.સી.એ. નં. ૧૯૯૧૨/૨૦૧૫ નો તા.૧–૩–૨૦૧૬ નો ઓરલ ઓર્ડર અને સ્પે. સી.એ. નં. ૭૮૩૪/૨૦૧૬ નો તા.૯–૬–૨૦૧૭ નો ઓરલ ઓર્ડર
૨. વિભાગનો તા.૧–૮–૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૧૫ –સીસી.૧૩–આર
૩. વિભાગનો તા.૧૯–૯–૨૦૧૭ નો પત્ર ક્રમાંક : મભય–૧૦૨૦૧૭–૩૦૫–આર
૪. વિભાગનો તા.૧૦–૮–૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૧૭–૨૯૯–આર
૫. કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજનાના તા.૧૬–૧૧–૨૦૧૭ ના પત્ર ક્રમાંક : મભય/અમલ/૨૦૧૭/૧૪૬૧૨ થી મળેલ દરખાસ્ત

**આ મુ ખ**

નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સી.એ. નં. ૧૯૯૧૨/૨૦૧૫ માં સંદર્ભ (૧) સામેના તા.૧–૩–૨૦૧૬ ના ઓરલ ઓર્ડરમાં મધ્યાહન ભોજન યોજનામાં સમગ્ર રાજયમાં એકસૂત્રતા જળવાઈ રહે તે માટે યોગ્ય એજન્સી નકકી કરવાની કાર્યવાહીમાં તમામ ઈચ્છુક અને પાત્રતા ધરાવતી સંસ્થાઓને પણ તક આપવાના આદેશો કરવામાં આવ્યા હતા. જે અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ કાર્યવાહી કરવા વિભાગનો સંદર્ભ (૨) સામેનો તા.૧–૮–૨૦૧૬ નો ઠરાવ સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ હતો.

આ બાબતે માતોશ્રી સંસ્થા, ભાવનગર ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સી.એ.નં.૭૮૩૪/૨૦૧૬ દાખલ કરવામાં આવેલ હતી. જેના તા.૯–૬–૨૦૧૭ ના ઓરલ ઓર્ડર અન્વયે રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવાની પ્રક્રિયા સ્પે.સી.એ. નં. ૧૯૯૧૨/૨૦૧૫ ના તા.૧–૩–૨૦૧૬ ના ઓરલ ઓર્ડરમાં કરાયેલ અવલોકન મુજબ હાથ ધરવાના આદેશ કરેલ હતા.

નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉકત નિર્દેશો અનુસાર વિભાગના સંદર્ભ (૩) ઉપરના તા.૧૯–૯–૨૦૧૭ ના પત્રથી ટેન્ડરનો આદર્શ નમૂનો તેમજ આદર્શ એમ.ઓ.યુ. સરકારશ્રી ધ્વારા નકકી કરી તેની જાણ કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજનાને કરવામાં

શ્રી સંચાલ
22.12.17

આવેલ છે. દરમ્યાન, ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની કાર્યરીતિમાં વહીવટી વિલંબના કારણે મધ્યાહન ભોજન યોજનાના લાભાર્થી બાળકો ભોજનથી વંચિત ન રહી જાય તે માટે હાલ એન.જી.ઓ. મારફત સંચાલિત કેન્દ્રોની મુદત તા.૧૫–૧૦–૨૦૧૭ સુધી લંબાવી આપવા માટે વિભાગના તા.૧૦–૮–૨૦૧૭ ના સંદર્ભ (૪) સામેના ઠરાવથી મંજુરી આપવામાં આવી હતી.

નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્દેશો અનુસારની પ્રક્રિયા અનુસર્યા બાદ સુરત મહાનગરપાલિકા વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ચાલતા કુલ–૩૩૭ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોનું સંચાલન કરવા માટે અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બેંગ્લોરને કામગીરી સોંપવાની કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની સંદર્ભ (૫) સામેના પત્રથી થયેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઈ–ટેન્ડરીગની શરતો અને એમ.ઓ.યુ. માં દર્શાવેલ શરતોને આધિન મધ્યાહન ભોજન યોજનાની કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન્સ અનુસાર **સુરત મહાનગરપાલિકા વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ચાલતા કુલ–૩૩૭ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોનું સંચાલન ત્રણ વર્ષ માટે** નીચેની શરતોને આધિન અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બેંગ્લોરને સોંપવા માટે આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

**શરતો :**

૧. આ સંસ્થાની ત્રણ વર્ષની મુદત તા.૬–૧૧–૨૦૧૭ ની પશ્ચાતવર્તી અસરથી શરુ થયેલ ગણાશે.

૨. સંસ્થાની એક વર્ષની કામગીરી સંતોષકારક જણાશે તો સંસ્થા બીજા વર્ષ માટે અને બીજા વર્ષની કામગીરી સંતોષકારક જણાશે તો ત્રીજા વર્ષ માટે કામગીરી ચાલુ રાખી શકશે. સંસ્થાની કામગીરી સંતોષકારક હોવા અંગે જે તે જિલ્લા કલેકટરશ્રીએ ખાતરી કરવાની રહેશે અને તેની જાણ કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાને કરવાની રહેશે.

૩. ઓન લાઈન ફાઈનાન્શીયલ બીડમાં નિયત કરાયેલ કેલરી ઉપરાંત અક્ષયપાત્ર સંસ્થા, બેંગ્લોર ધ્વારા બાળક દીઠ કેટલી કેલરી વધારે પૂરી પાડવામાં આવશે તેમજ બાળક દીઠ કેટલી રકમ ઉમેરવામાં આવશે તે અંગેની લેખિત બાંહેધરી કમિશ્નરશ્રી, સુરત મહાનગર પાલિકાએ સંસ્થા પાસેથી મેળવવાની રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપરની તા.૨૪–૧૧–૨૦૧૭ ની સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ.ટી.મંડોરા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ૧૨/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- ચેરમેનશ્રી, અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બેંગ્લોર, હરેકૃષ્ણ મંદિર કેમ્પસ, મુ. સાંતેજ, તા.કલોલ, જિ. ગાંધીનગર (કમિશ્નરશ્રી, મ.ભો.યો. મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- કમિશ્નરશ્રી, સુરત મહાનગર પાલિકા, સુરત
- નાયબ કલેકટરશ્રી (મ.ભો.યો), સુરત
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર (વેબ સાઈટ ઉપર મુકવાની વિનંતી સહ)
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ